# નવા પાળકોને તાલિમ માટેની માર્ગદર્શિકા

## તાલિમાર્થીને પીટી અભ્યાસ શરૂ કરવામાં મદદરૂપ છે

**આ અભ્યાસોનો હું કેવી રીતે ઉપયોગ કરીશ...??**



પવિત્ર આત્મા તમને માર્ગદર્શન આપે તે માટે મહેરબાની કરીને હવે થોડી ક્ષણો પ્રાર્થનામાં વિતાવો.

**૧. જે તમારા કરતાં વધારે અનુભવી છે, તેવા આગેવાન અથવા માર્ગદર્શકને નિયમિત મળો.**

- ઈસુ અને તેમનાં શિષ્યોની માફક માર્ગદર્શક / વડીલ પણ એ જ રીતે નવા આગેવાનોને વર્ગખંડમાં નહીં પરંતુ કાર્ય કરતાં તથા પ્રવાસ દરમ્યાન તાલીમ આપે છે.
- તમારા માર્ગદર્શક લોકો સાથે કેવી રીતે વ્યવહાર કરે છે તે જૂઓ. તેઓ પણ તમે શું કરો છો તે જુએ છે.
- તમે જ્યારે આગામી સપ્તાહોનાં કાર્યનું આયોજન કરો તથા વિશ્વાસીઓની જરુરીયાત મુજબ અભ્યાસોની પસંદગી કરો. ત્યારે તેમાં વડીલોની મદદ મેળવો. આનાથી તમને ઈશ્વરનું કાર્ય અન્ય વિસ્તારોમાં લઈ જવામાં સહાય મળશે.
- તમે અને તમારી મંડળીનાં લોકો શું કાર્ય કરી રહ્યા છો તે વિશે માર્ગદર્શકને વાકેફ કરો. અને તેમાં તમારી નિષ્ફળતાઓ તથા પ્રશ્નોનો નિખાલસતાથી ઉલ્લેખ કરો. જો તમે આમ કરવામાં શરમ અનુભવશો તો તે તમારી મદદ નહીં કરે શકે.
- તમારી મંડળીમાં જેની હજુ સુધી અછત છે તેવી સેવાઓ શરુ કરવા માટે વિશ્વાસીઓને મદદરુપ થાય તેવા અભ્યાસ પસંદ કરો.
- શરુઆતમાં તમે તમારા માર્ગદર્શકને અઠવાડિયામાં એક અથવા બે વખત મળી શકો. પરંતુ ત્યારબાદ તમે તેમને મહિનામાં એકદ-બે વખત મળો તો પણ ચાલે અને પછી જ્યાં સુધી તમને જરુર જણાય ત્યાં સુધી તમે ત્રણ - ચાર મહિને એકાદ વખત તેમની મુલાકાત કરી શકો.
- આપણે એકબીજાને સુધારવા જોઈએ (કોલોસી ૩ : ૧૬) અને એકબીજી સમક્ષ પોતાની ભૂલો સ્વીકારવી જોઈએ (યાકૂબ ૫ : ૧૬) આનો અર્થ એ કે આપણે અન્ય આગેવાનોની સલાહ સ્વીકારવી જોઈએ તથા તેમની વાસ્તવિક ટીકાઓ પણ સાંભળવી જોઈએ. આપણને બધાને આ પ્રકારનાં નિરીક્ષણની જરુર છે. કે જેનાથી આપણી સેવાઓ બાઈબલ મુજબની છે કે નહિં તેની ચકાસણી થાય છે. આવું નિરીક્ષણ આપણામાં નેતૃત્વનું કૌશલ્ય પેદા કરવામાં તથા લોકો ઉપર સ્વાર્થી અને દુઃખદાયક નિયંત્રણ લાદવામાંથી મુક્ત કરવામાં મદદરુપ થાય છે.
- કોઈપણ આગેવાન, તેના કાર્યનું અન્ય કોઈ નીરીક્ષણ ન કરે તથા તેને સલાહ ન આપે તેવી રીતે જો ઈશ્વરનું કાર્ય કરવાનો પ્રયાસ કરે તો તે ભયજનક રીતે મૂર્ખામી કરે છે.

**૨. અન્ય આગેવાનોને પણ નિયમિતપણે મળતા રહો.**

- તમારા વિસ્તારનાં અન્ય આગેવાનોને મળો.પોતાનાં લોકો શું કરી રહ્યા છે તે વિશે બધા જ આગેવાનોએ અહેવાલ આપવો જોઈએ. તેઓને તમારા સેવાકાર્યનું નિરીક્ષણ કરવું છે અને તમે પણ તેમનાં સેવાકાર્યોનું નિરિક્ષણ કરો.
- આગેવાનોએ એકબીજાનાં કાર્યો તથા આત્મિક વિકાસનું મૂલ્યાંકન કરવું જોઈએ. તેમણે એકબીજાને સુધારણામાં મદદ કરવી જોઈએ. નવો કરાર આપણને એકબીજાને આ રીતે મદદરુપ થવાની આજ્ઞા આપે છે. - એકબીજાની કૃતિ સુધારો. એકબીજાને માફ કરો, એકબીજા સમક્ષ ભૂલોની કબૂલાત કરો. એકબીજાનાં બોજ ઉઠાવો તથા આવી બધી અનેક બાબતો.

- એકબીજા પ્રત્યે પ્રમાણિક બનો. જો કોઈએ ભૂલ કરી હોય તો તેને પ્રેમપૂર્વક સુધારો અને એ જ પ્રમાણે અન્ય લોકોને તમારી ભૂલો સુધારવા દો. આ પ્રમાણે વધવામાં પવિત્ર આત્મા આપણને મદદ કરે છે.


**૩. નવાંગતૂક આગેવાનોને માર્ગદર્શન આપો.**

- જો શક્ય હોય તો નવા આવેલા પાળકોને માર્ગદર્શન આપવાનું શરુ કરો. કાર્યકરોમાંથી કેટલાંક તમને મંડળીની રખેવાળી કરવામાં મદદરુપ થશે. તેઓને સહાયકારી પાળક, ભક્તિસભાનાં આગેવાનો તથા ડીકન તરીકે મદદમાં લઈ શકાય. તેમાંના કેટલાંક નવી મંડળીઓ શરુ કરી શકે.
- તેઓ શું કરી રહ્યા છે તે વિશે તથા તેમનાં આયોજન વિશે તેમની સાથે વાતચીત કરો.
- તેમનાં લોકોની વર્તમાન જરુરીયાત પૂરી કરી શકે તેવો અભ્યાસ પસંદ કરવામાં તમે તેમની મદદ કરો.
- તેમને જ્યાં સુધી જરુર હોય ત્યાં સુધી મદદ કરો. ૨ તિમોથી ૨:૨માં નવો કરાર તમને અન્ય પાળકોનાં માર્ગદર્શક બનવાનું કહે છે. જેમ પાઉલે તીતસને કરવાનું કર્યું, તે જ પ્રમાણે તમે પણ નવા પાળકોને નામ આપી શકો.
- નવા પાળકોમાં તીતસ ૧:૫ થી ૯ પ્રમાણેનું ચારિત્ર્ય હોવું જોઈએ. તેમણે પહેલા તો એ વાતની સાબિતી આપવી પડે કે તેઓ અન્યોને પાળકીય સેવા આપી શકે કે કેમ, તે પૂરવાર કરવા માટે તેમને તેમનાં કુટુંબથી શરુઆત કરવા જણાવવું જોઈએ. જો તેઓ તેમના પરિવારને પાળકીય સેવા આપી શકશે તો તેઓ મંડળીને પણ એ સેવા આપી શકશે એ ખાતરીપૂર્વકનું છે.
- નવા પાળકોને નિમણૂક તથા માર્ગદર્શન આપો ૧ તિમોથી ૩:૧ થી ૭ જણાવે છે કે જે લોકો નવા વિશ્વાસમાં આવ્યા છે તેમને નામ ન આપશો. જો કે પાઉલે રાહ જોવા માટે કોઈ ચોક્કસ સમય ફાળવ્યો નહોતો. કારણ કે કેટલાંક લોકો કેવળ ત્રણ સપ્તાહમાં જ વિશ્વાસમાં દ્રઢ પરિપક્વ થઈ ચૂક્યા હતાં. જ્યારે બીજા કેટલાંક ત્રીસ વર્ષોમાં પણ એમ કરી શક્યા નહોતાં. ગલાતીયામાં પાઉલે જાતે થોડા સમયમાં નવા આગેવાનોને નવી મંડળીઓ માટે નિમણૂંક આપી દીધી હતી. (પ્રેરિતોનાં કૃત્યો ૧૪) પરંતુ અંત્યોખ જેવી પરિપક્વ મંડળી હોય તો આપણે વધારે રાહ જોવી પડે છે. અંત્યોખમાં પ્રેષિત તરીકે નિયુક્ત કરવા પાઉલ તેમજ બાર્નાબાસનાં માથે હાથ મૂકવામાં પ્રેરિતો એ એક વર્ષ રાહ જોઈ હતી. (પ્રે.કૃત્યો ૧૧:૨૫-૨૬, ૧૩:૧-૩)
- "જેઓ આગેવાનોને તાલીમ આપે છે" તેમનાં માટેની માર્ગદર્શીકા વાંચી અન્ય આગેવાનોને તાલીમ આપો.

**૪. તમારા લોકની વર્તમાન જરુરીયાતો તથા હિતોને અનુરુપ વાર્તાઓ તથા અભ્યાસ એકમો પસંદ કરો.**

તમારા પ્રશિક્ષક અથવા સંયોજકને *Paul -Timothy user's Menu* માટે જણાવો અથવા તો www.Paul-Timothy.net ઉપરથી પોતે ડાઉનલોડ કરો. તમારી પસંદગીનું સ્વરુપ પસંદ કરો.

- તમારા લોકોની વર્તમાન જરુરીયાત તથા અન્ય લોકોની સેવા કરવાની તક પૂરી પાટે તેવાં અભ્યાસ પ્રાર્થના સહિત પસંદ કરો. પહેલા જ અભ્યાસથી શરુ કરી દઈ ક્રમ પ્રમાણે આગળ વધશો નહિ.
- દરેક સપ્તાહે તમારા લોકોની જરુર પ્રમાણેનો અભ્યાસ કરે છે તે જાણવા માટે ઈશ્વરપિતાની પ્રાર્થના કરો. નવજાત બાળક જેવી નાની મંડળીઓની એવી ઘણી તાકીદની જરુરીયાત હોઈ શકે કે જે તમારે પૂરી કરવી પડે. એ કોઈપણ બે મંડળીઓ એક જ માર્ગે વિકાસ કરે એ શક્ય નથી.



- લોકોની જરુરીયાતો તથા તેમની અગત્યતાઓને પારખવા માટે તેમને ધ્યાનથી સાંભળો.
- પ્રત્યેક મીનીસ્ટ્રી માટે વિવધિ પ્રકારનાં અભ્યાસ છે. જેથી તમારી જરુરીયાત તથા અગત્યતા મુજબનાં અભ્યાસ પસંદ કરો.

**૫. તમારા ઘેટાંઓ (લોકો)ને કોઈપણ પ્રવૃત્તિમાં દોરો કે શીખવો તે પહેલાં સારી રીતે તૈયારી કરો.**

- નિર્ધારીત સમયનાં એક સપ્તાહ કરતાં વધુ વહેલા તમે તથા તમારા લોકો સારી રીતે તથા શિસ્તબધ્ધ રીતે તૈયારીઓ શરુ કરો.
- બાળકોએ ભક્તિસભા માટે જે તૈયારી કરી હોય તે રજૂ કરવા માટે તેમનાં શિક્ષક સાથે ગોઠવણ કરવા ભક્તિસભાનાં આગેવાનોને જણાવો.
- શું તમારું ટોળું નાનું છે ? જ્યારે મંડળી નાની હોય ત્યારે શેતાન લલચાવે છે. મોટી મંડળીઓ કરતાં નાની મંડળીને આવી પૂર્વ તૈયારીની અગત્ય વધારે છે. તેનાં ચાર કારણો છે.

   ૧. નવા કરારમાં જરુર દર્શાવેલી છે તે મુજબ ભક્તિસભામાં દરેક વ્યક્તિ અલગ અલગ રીતે ભાગ લે તેમાં જ નાની મંડળીની શક્તિ રહેલી છે.મોટી મંડળીઓ કરતાં નાની મંડળી મારફતે વધારે લોકો ખ્રિસ્તની નજીક આવી શકે છે તથા તેમની વધારે સારી રીતે સેવા કરી શકે છે. જો આપણે સમય કરતાં પહેલાં મદદગારોને તૈયાર ન કરીએ તો આપણે તેમની ભાગીદારી ગુમાવી દઈએ છીએ. આગેવાન પોતે જ બધા અગત્યના કામો કરે છે એ પાપ તો પવિત્ર આત્માને દુઃખ પહોંચાડે છે. આમ કરવાથી ઈશ્વરે આપણને જે સોંપ્યું છે તે ટોળુ અપંગ બની જાય છે.

   ૨. નાની મંડળીઓનાં લોકોને પણ મોટી મંડળીઓનાં લોકો જેવી જ જરુરીયાતો છે કે જેને માટે પ્રાર્થના સહિતની તૈયારીઓ જરુરી છે.

   ૩. ઘણી વખત મોટી મંડળીઓમાં અનુભવી તથા સુશિક્ષિત પાળકો પૂર્ણસમયથી સેવા આપતા હોય છે. તેમની પાસે ભક્તિસભાનાં એક દિવસ પહેલાં જ ઘણી બધી તૈયારીઓ કરવા માટે પૂરતો સમય તથા પૂરતી આવડત હોય છે, ત્યારે સામે પક્ષે નાની મંડળીઓ ઝડપથી અને વધુ પ્રમાણમાં અસ્તિત્વમાં આવતી હોઈ, ત્યાં પ્રમાણમાં ઓછો અનુભવી તથા શિક્ષિત સ્વયંસેવી પાળકો હોય છે. જો તે લોકો તૈયારી શરુ કરવા માટે ભક્તિસભાનાં એક દિવસ અગાઉ સુધી રાહ જૂએ તો તેમની પૂર્વ તૈયારીઓ નબળી હશે અને તેમાંથી લોકો પાસે ઈશ્વરનો આશીર્વાદ આવતો અટકી જશે.

   ૪. પવિત્ર આત્મા કેવળ ભક્તિસભા દરમ્યાન જ નહિં પરંતુ તે પહેલાં મદદનીશો સાથેની પ્રાર્થનાસહિતની તૈયારી તથા આયોજન સમયે પણ શક્તિપૂર્વક કાર્ય કરે છે. જે પ્રમાણે ઈસુ તથા પાઉલે કર્યું તે પ્રમાણે નવા આગેવાનોને તૈયાર કરવા માટે ઈશ્વર જુદા જુદા સહકાર્યકરોની આવી પૂર્વતૈયારીનો ઉપયોગ કરે છે.

**૬. ટોળાને દોરવા માટે બીજાઓની સાથે મળીને કાર્ય કરો.**

- શાણાં આગેવાનો એકલા કામ કરતા નથી. ઈસુ અને તેમનાં શિષ્યોએ પણ એકલા કાર્ય કર્યું નહોતું. ભક્તિસભા ચલાવવા માટે તથા તમારા ટોળાને દોરવણી આપવામાં મદદરુપ થવા માટે અન્ય કાર્યકરોને તૈયાર કરો. આમાંથી કેટલાક ડીકન હશે કે જેઓ સમગ્ર સપ્તાહ દરમ્યાન લોકોની કેટલીક વિશેષ જરુરીયાત પૂરી પાડે છે.
- જો તમે કોઈને ભક્તિસભા ચલાવવા માટે તૈયાર કરો તો તેમને "Worship Leader" માટેની P.T. અભ્યાસ માર્ગદર્શિકા A0e વાંચી જવા જણાવો.
- પ્રત્યેક અઠવાડિયે શિક્ષકોને બાળકોનાં અભ્યાસની કોપી પૂરી પાડો.

**૭. પ્રત્યેક "New Shepherd's" અભ્યાસને ત્રણ વિભાગમાં વહેંચો :-**

- ત્રણ વિભાગ નીચે પ્રમાણે છે :

    ૧. આપણા હૃદય તથા મનોને ઈશ્વરનાં શબ્દો વડે તૈયાર કરો.

    ૨. તમારા લોકોએ આગામી અઠવાડિયે શું કરવું તે વિશે તમારા સહકાર્યકરો સાથે આયોજન કરો.

    ૩. આવનારી ભક્તિસભાનાં સમય બાબતે આપ સહકાર્યકરો સાથે આયોજન કરો.

- વિભાગ - ૧ - દેવના વચનથી તમારું મન અને હૃદય તૈયાર કરો.

  તમે ભક્તિસભામાં નિરુપણ કરો તેનાં એક બે સપ્તાહ અગાઉ પ્રત્યેક P.T. અભ્યાસની શરુઆત કરો. એનો અર્થ સમજવામાં સમય લાગશે માટે તે વિશે પ્રાર્થના કરો તથા તમારા લોકો પોતાનાં જીવનોમાં તેનો અમલ શી રીતે કરી શકે તથા આવનાર સપ્તાહો દરમ્યાન શી રીતે સંબંધીત પ્રવૃત્તિઓ કરી શકે તે અંગે મદદ કરવા માટે વિચાર કરો.

- વિભાગ – ૨ તમારા લોકો આવતા અઠવાડિયે શું કરશે તે વિશે તમારા સહકાર્યકરો સાથે મળીને આયોજન કરો.

  ભક્તિસભા બાદ આવતા સપ્તાહો દરમ્યાન લોકોએ શું કરવું તેનું આગોતરું આયોજન કરવા માટે તમારા સહકાર્યકરો સાથે બેઠક કરો. લોકો શું કરી શકે તે માટે દરેક અભ્યાસમાં સૂચનો કરવામાં આવેલા છે. અને જો તમારા મનમાં ઈશ્વર લોકો પાસે શું કરાવવા ઈચ્છે છે એ વિશે સ્પષ્ટ વિચાર હોય તો પછી અર્થસભર ભક્તિસભા અને શિક્ષણની તૈયારી કરવાનું સરળ બની રહેશે.

- વિભાગ - ૩ તમારા સહકાર્યકરોએ તમને ભક્તિસભા તેમજ શિક્ષણનું આયોજન કરવામાં મદદ કરવી જોઈએ.

  કેટલાંક દિવસો અગાઉ ભક્તિસભાનું આયોજન કરો કે જેથી ભાગ લેનાર દરેક વ્યક્તિ સારી રીતે પ્રાર્થના તેમજ તૈયારી કરી શકે. જે લોકો સભામાં ગીત ગાવાનાં છે અથવા તો નાટક રજૂ કરવાનાં છે તેમને રીહસલ કરવા માટે સમય આપો અને જો તે શક્ય ન હોય તો જેઓ ભક્તિસભા ચલાવવામાં મદદરુપ થવાનાં હોય તેમણે ઓછામાં ઓછું એક કલાક અગાઉ મળીને પ્રાર્થના તથા આયોજન કરવું જોઈએ. આયોજન એવું કરો કે જેથી તમામ વિશ્વાસીઓ મુક્તપણે ભાગ લઈ શકે અને કેવળ થોડા ઘણા લોકો જ બેઠક ઉપર પ્રભુત્વ જમાવે નહિ.

**૮. ભક્તિસભાની પ્રવૃત્તિઓમાં બાળકોને સામેલ કરો.**

- બાળકો ભક્તિસભામાં ભાગ લે છે તે માટે બાળશિક્ષક સાથે ગોઠવણ કરો. બાળકો ભક્તિસભામાં નાટક ભજવી શકે તેમજ અન્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી શકે તેવી ઘણી વાર્તાઓ બાળકોનાં અભ્યાસમાં આપેલી છે. જ્યાં સુધી શક્ય છે ત્યાં સુધી બાળકો અને વડીલો સાથે મળીને કામ કરે.
- જેઓ ભક્તિસભામાં ભાગ ન લેતા હોય અથવા તો વિશ્વાસી ન હોય તેવા પાડોશી બાળકો અને તેમનાં મા-બાપને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં મદદરુપ થવા જણાવો. તેમને અગત્યની કામગીરી ન સોંપો, કારણ કે તેઓ કદાચ તેને પૂરી ન કરી શકે. આવા લોકો પણ આ રીતે ઘણી બધી વખત ઈશ્વર પાસે આવતાં હોય છે.

**(૯) એકબીજા માટે પ્રાર્થના કરવા તથા એકબીજાને સલાહ-સૂચન આપવા માટે નાનકડા જૂથો બનાવો :-**

- ઈશ્વર આપણી પાસે કરાવવા માંગતા હોય તેવી ઘણી બધી બાબતો ત્યારે જ શક્ય બને છે કે જ્યારે આપણે દરેક વ્યક્તિને સાંભળી શકાય તેવા નાનકડા જૂથોમાં એકઠા મળીએ છીએ.

  આપણે વિવધ પ્રકારે એકબીજાની સેવા કરીએ તેવું ઈશ્વર ચાહે છે
  એકબીજાને સૂચનો આપો (રુમી ૫ : ૧૪)
  એકબીજાને પ્રોત્સાહન આપો (કોલોસી ૩ : ૧૬, હિબ્રુ ૧૦ : ૨૫)
  એકબીજાને બોધ કરો. (હિબ્રુ ૩ : ૧૩)
  સારા કામો કરવા એકબીજાને ઉત્તેજન આપો. (હિબ્રુ ૧૦ : ૨૪)
  એકબીજાને શિક્ષણ આપી સબળ બનાવો (૧ થેસ્સા ૪ : ૧૮, ૫ : ૧)

સારા કામો કરવા એકબીજાને ઉત્તેજન આપો (હેબ્રી. ૧૦ :૨૪)
એકબીજા સમક્ષ દોષનો એકરાર કરો (યાકૂબ ૫ : ૧૬)
એકબીજા માટે પ્રાર્થના કરો. (યાકૂબ ૫ :૧૬)



**જ્યારે આપણે આરધના માટે નાના જૂથમાં ભેગા મળીયે છીએ ત્યારે પવિત્ર આત્માના પોતાનું કામ કેવા પરાક્રમ સહિત કરે છે.**

**૧૦. નાના જૂથ માટે અનુકૂળ હોય એ રીતે ભક્તિ કરો તથા ઈશ્વરનાં વચનો શીખવો.**

- જ્યારે તમે એકઠા મળો ત્યારે દરેક પાસે સ્તોત્ર હોય અથવા સૂચનો હોય, દર્શન હોય અથવા તો અર્થ હોય. ૧ કરીંથી ૧૪ : ૨૬. અહીં પાઉલ પ્રેરીત દરેકને ભક્તિસભામાં કોઈકને કોઈક પ્રકારે સામેલ થવાની વિનંતી કરે છે.
- નાની મંડળીઓમાં શાણા પાળકો પરંપરાગત ભાષણોનો ઉપયોગ કરતા નથી, પરંતુ તેના બદલે તેઓ લોકોને પ્રશ્નો પૂછીને ઉત્તરો મેળવવાની પધ્ધતિ અપનાવે છે. અને તે દ્વારા તેઓને ઈશ્વરનાં વચનોમાં રહેલાં સત્યને જીવનમાં લાગુ કરવાનું શીખવે છે.
- P.T. અભ્યાસ શિક્ષણને વધારે મજબૂત બનાવવા માટે લધુ નાટકો, અભિનય, વાર્તાઓ, કવિતાઓ તથા પ્રશ્નોત્તરી અને ચર્ચાઓ પૂરી પાડે છે. વાર્તાઓ સરળતાથી યાદ રહે છે અને તે લોકોને ઈશ્વરનાં વચનો બીજાઓ સુધી લઈ જવા માટે સક્ષમ બનાવે છે.
- ભકિતસભા માટે ખુરશીઓને ગોળાકારે ગોઠવો કે જેથી લોકો એકબીજાનો ચહેરો જોઈ શકે તથા એકબીજા સાથે સરળતાથી વાતચીત કરી શકે.
- P.T અભ્યાસમાં દર્શાવેલા હોય તેવાં તમામ વિકલ્પોનો ઉપયોગ કરવાનો પ્રયાસ ન કરશો, પરંતુ તેમાંથી તમારા લોકોની સંસ્કૃતિ તથા હિતોને લગતી હોય તેવી જ બાબતો પસંદ કરો.

**૧૧. પ્રભુભોજનની નિયમિતપણે વ્યવસ્થા કરો.**

- **" New Shepherds"** અભ્યાસનું પ્રત્યેક પ્રકરણ પ્રભુભોજનની સમજ આપવા માટે પવિત્રશાસ્ત્રનાં વિવિધ વાંચન પૂરા પાડે છે.
- કેટલીક મંડળીઓ આ માટે ૧ કોરંથી ૧૧ નો જ ઉપયોગ કરે છે. જો કે તેનો ઉપયોગ પ્રસંગોપાત થવો જોઈએ. કારણ કે તે તો પ્રભુભોજનની માટેની અગત્યની માર્ગદર્શીકા છે. અને દરેક વખતે તેનો જ ઉપયોગ કરતાં રહેવાથી ઈસુખ્રિસ્તનાં બલિદાન સંબંધિત ઈશ્વરનાં વચનોમાં રહેલી મૂલ્યવાન તથા ઉત્તેજક બાબતો છીનવાઈ જાય છે.

**૧૨. ભક્તિસભા દરમ્યાન ઈશ્વર શું કરતાં હોય છે. તે બાબતે લોકોને માહિતગાર કરો.**

- શું ઈશ્વરે કોઈકને સાજાપણું આપ્યું છે ? શું વિશ્વાસી પોતાની ખરાબ આદતો ઉપર વિજય મેળવ્યો છે ? શું લોકો ખ્રિસ્તની પાસે આવે છે ? શું નવી મંડળીઓ શરુ થઈ રહી છે ? શું નવી સેવાઓ શરુ થઈ રહી છે ? આ તમામ બાબતો જે ઈશ્વર કરી રહ્યા છે તેનાં વિશે લોકોને માહિતગાર કરો અને ઈશ્વરપિતાની સ્તુતિ કરો.
- લોકો જે કરી રહ્યા છે તે જણાવવાથી તેમને પ્રોત્સાહન મળે છે અને બીજાઓને તેમને માટે પ્રાર્થના કરવાનું ઉત્તેજન મળે છે.

**૧૩. અઠવાડીયા દરમ્યાન અને ભજનસેવા દરમ્યાનની પ્રવૃત્તિઓનું આયોજન**

- તમારા લોકો અઠવાડીયા દરમ્યાન કઈ પ્રવૃત્તિઓ કરે તે માટે સાથીદારો સાથે મળીને તમે જે આયોજન કર્યું હોય તેની જાહેરાત ભજનસેવા વખતે કરો.
- બીજા અઠવાડીયામાં, ખ્રિસ્તની સેવા કઈ રીતે કરવી તે બાબતે લોકોને તેમના વિચારો જણાવવા દો.
- જેઓને સેવા કરવાની ઈચ્છા હોય અને નીચે દર્શાવેલા આત્મિક દાનો દેવે તેમને આપ્યા હોય તેઓની સહાય કરો. આ આત્મિક દાનો જેવા કે :-
    ૧. સુવાર્તા પ્રગટ કરવાનું દાન - ખ્રિસ્ત વિષે બીજાને કહેવું - લુક ૨૪ : ૪૬ -૪૮.
    ૨. મદદ માટેનું દાન - જેમને સહાયની જરુર હોય તેમની સેવા કરવી. - ગલાતી ૫ : ૧૩
    ૩. પાળક તરીકેનું દાન-દેવનું વચન અમલમાં મૂકવા માટે તમારા કુટુંની સહાય કરો.-એફેસીપ : ૨૧:૩૩,૬:૧:૪
    ૪. જ્ઞાનનું દાન - સમાજમાં ઈશ્વર તરફી વલણ ઉપજાવવું - માત્થી ૫ : ૧૩ - ૧૪
    ૫. દયાનું દાન - જરુરીયાતમંદોની મદદ કરવી . - માત્થી ૨૫ : ૩૧ - ૪૬.
    ૬. ઉત્તેજનનું દાન - બીજાઓને વચનની ખાતરી અને દિલાસો પમાડવો. - ૧ થેસ્સા ૫ : ૧૧
    ૭. સાજાપણાનું દાન - માંદાં અને ભૂતવળગેલાઓ માટે પ્રાર્થના કરવી. - યાકૂબ ૫ : ૧૩ - ૧૬
    ૮. આગેવાની માટેનું દાન - સહુ મંડળીઓ સાથે સંકલન કરવું. પ્રે.કૃત્યો ૧૫ : ૪૧
    ૯. આપવાનું દાન - જરુરીયાતવાળા સેવાક્ષેત્રો માટે તમામ બાબતો પૂરી પાડવી - ૧કોરંથી ૮ : ૧ - ૮

**૧૪. સ્ત્રીઓ અને બાળકોને સેવા માટેની તક આપવી :-**

- સ્ત્રીઓને પ્રભુએ જે દાન આપ્યા હોય તેનો તેમણે ઉપયોગ કરવો. ઘણી જાતિઓમાં માણસો સ્ત્રીઓને શિક્ષણ આપવાની મંજૂરી આપતા નથી.કેટલીક જાતિઓમાં તેમ હોય છે. જેમ કે પ્રિસ્કીલાએ આપોલસને શિખવ્યું. (પ્રે.કૃત્યો ૧૮ : ૨૬) બધી જાતિઓમાં સ્ત્રીઓ જુવાન સ્ત્રીઓને ઉપદેશ આપી શકે છે. (તિતસ ૨ : ૩ - ૫)
- મોટા છોકરાઓ નાના બાળકોને શિસ્તમાં રાખે. આનાથી બંન્ને કક્ષાના બાળકો વૃદ્ધિ પામશે.
- અઠવાડીયા દરમ્યાન સેવા કરતી સ્ત્રીઓ કે સેવિકાઓ એ ''ગાઈડલાઈન્સ ફોર ડીકન્સ, ડીકનેસિસ સ્મોલ ગ્રુપ લીડર્સ એઓડી'' સ્ટડી વાંચવો.

**૧૫. જ્યારે તમે ધ ન્યુ શેફર્ડ સ્ટડી પૂરો કરો ત્યારે સપ્લીમેન્ટરી સ્ટડીઝ શરુ કરો.**

- ધ ન્યુ શેફર્ડ સ્ટડીઝ નાના અને સરળ છે, પરંતુ તેમના દ્વારા વધારે સુધારાત્મક કાર્યનો સબળ પાયો નંખાય છે. જો તમે તેને અવગણો તો આગળ જતા તમારા કામમાં ગંભીર મુશ્કેલીઓ સર્જતા ચિન્હો તમે જોઈ શકશો.
- ધ ન્યુ શેફર્ડ સ્ટડી ઓફર કરે છે તે કરતા વધારે વિગતવાર જો કોઈ વિષય માટે તમારે જાણવું હોય તો તમે સપ્લીમેન્ટરી સ્ટડીઝમાં તે વિષયો બાબતે વધારે જાણકારી મેળવી શકો છો.

Copyright © 2004 by Paul -Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net